# ગુજરાતમાં વરસાદી તોફાનનું યલો એલર્ટ

**આજથી** વરસાદી સિસ્ટમ સક્રિય થશે

**40-50** કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાવાની શક્યતા

અમદાવાદ : રાજ્યમાં એક તરફ ગરમીનો પ્રકોપ વધતો જઈ રહ્યો છે તો બીજી તરફ હવામાન વિભાગે આગામી તા.18થી 20મી માર્ચ દરમ્યાન વરસાદ અને તોફાની પવન અને ગાજવીજ સાથે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ મહુવામાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન 17 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જે રાજ્યમાં ઠંડીનું કેન્દ્ર બન્યું છે. જ્યારે બીજી તરફ રાજકોટમાં સૌથી વધુ 38 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

રાજ્યના અનેક શહેરોમાં ગરમીનો માહોલ જોવા મળ્યો હતો. જેમાં ભૂજ, રાજકોટ, સુરેન્દ્રનગર અને અમદાવાદમાં 38 ડિગ્રી સુધી તાપમાન પહોંચ્યું હતું. અમરેલી અને ગાંધીનગરમાં 37 ડિગ્રી, વડોદરા 36 ડિગ્રી, ભાવનગર અને વલ્લભ વિદ્યાનગરમાં 35 ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી 3 દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે.

18 માર્ચથી 19 માર્ચ સવારે 8:30 વાગ્યા સુધી ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ અને સાબરકાંઠા તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના જામનગર, મોરબી, દ્વારકા અને કચ્છ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ સાથે ગાજવીજ અને 40-50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. 19 માર્ચથી 20 માર્ચ સુધી ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, દાહોદ, પંચમહાલ દક્ષિણ ગુજરાતના ભરુચ, સુરત, નવસારી, વલસાડ સહિતના વિસ્તારો,

સૌરાષ્ટ્ર-કચ્છમાં રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, ભાવનગર, કચ્છ સહિતના જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

આ વિસ્તારોમાં ગાજવીજ, 40થી 50 કિમીની ઝડપે - પ્રતિ કલાકના પવન અને હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. 20 માર્ચથી 21 માર્ચ દરમિયાન ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, મહીસાગર અને કચ્છમાં હળવો વરસાદ કે ઝાપટાં પડી શકે છે.

# નિકાસકારો પર 'વોર રિસ્ક સરચાર્જ' લાદી દેવાયો

**20 ફૂટના** કન્ટેનર દીઠ 2000 ડોલર અને 40 ફૂટના કન્ટેનર દીઠ 4000 ડોલરનો વધારાનો ચાર્જ

**કોંગ્રેસ** પોર્ટ અને શિપિંગ મંત્રી સમક્ષ રજૂઆત કરશે

અમદાવાદ : પશ્ચિમ એશિયામાં ઊભા થયેલા યુદ્ધના સંકટનો સીધો પ્રભાવ હવે ભારત અને ખાસ કરીને ગુજરાતના એક્સપોર્ટરો તથા ફ્રેઈટ ફોરવર્ડર્સ પર જોવા મળી રહ્યો છે. શિપિંગ કંપનીઓ દ્વારા લાદવામાં આવેલા 'વોર રિસ્ક સરચાર્જ'ના કારણે એક્સપોર્ટરો પર ભારે આર્થિક બોજો વધ્યો છે. દેશના એક્સપોર્ટરો અને કસ્ટમ હાઉસ એજન્ટોને કરોડો રૂપિયાના આ વધારાના બોજથી બચાવવા માટે કોંગ્રેસ પોર્ટ અને શિપિંગ મંત્રી સમક્ષ રજૂઆત કરશે, તેમજ આ મુદ્દાને સાસંદમાં ઉઠાવશે.

પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે યુદ્ધના કારણે શિપિંગ કંપનીઓએ 20 ફૂટના કન્ટેનર દીઠ 2000 ડોલર અને 40 ફૂટના કન્ટેનર દીઠ 4000 ડોલરનો વધારાનો ચાર્જ લાગુ કરી દીધો છે. આ નિર્ણય યુદ્ધ શરૂ થાય તે પહેલા દરિયામાં નીકળી ગયેલા જહાજો પર પણ લાગુ કરવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્યમાંથી 6 થી 7 જેટલા જહાજોમાં 12 હજારથી વધુ કન્ટેનરો 'વોર કન્ટિજન્સી રિકવરી'ના કારણે અટવાઈ ગયા છે. જેના કારણે ગુજરાતના એક્સપોર્ટરો અને ફ્રેઈટ ફોરવર્ડર્સને અંદાજે રૂ. 250 થી 500 કરોડ સુધીનું નુકસાન થવાની શક્યતા છે. 'એસ એમ માહી' નામનું જહાજ, જેમાં 2677 કન્ટેનરો હતા, તે દુબઈના જેબેલ અલી પોર્ટ પર જવાનું હતું પરંતુ તેના કન્ટેનરો સાઉદી અરેબિયાના જેદ્દાહ પોર્ટ પર ઉતારી દેવામાં આવ્યા છે. હવે આ કન્ટેનરોને પાછા મુન્દ્રા પોર્ટ પર લાવવામાં આવશે કે અન્ય કોઈ વ્યવસ્થા કરવામાં આવશે તે અંગે એક્સપોર્ટરો અને ફ્રેઈટ કંપનીઓમાં ચિંતા છે.

આ ઉપરાંત 'ઝોન્ગ ગુ નાંગ' નામનું 4600 કન્ટેનરની ક્ષમતા ધરાવતું જહાજ હજુ મુન્દ્રાથી ટ્રાન્ઝિટ થઈને જવાહરલાલ નહેરુ પોર્ટ (નવી મુંબઈ) પર છે અને દરિયામાં પણ ગયું નથી, છતાં તેના પર પણ વોર રિસ્ક સરચાર્જ લાગુ કરવામાં આવ્યો હોવાનું જણાવાયું છે.

ભારતના આશરે 40 જેટલા જહાજોમાં 80 હજારથી વધુ કન્ટેનરો અટવાયેલા હોવાનો અંદાજ છે. આવા સંજોગોમાં ટ્રાન્ઝિટમાં રહેલા કન્ટેનરો પર લાગુ કરાયેલા વધારાના ચાર્જ અંગે કેન્દ્ર સરકારે વિચારણા કરવી જોઈએ.

## ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-1 અને વર્ગ-2ની 913 જગ્યાઓ ખાલી

ગાંધીનગર : રાજ્યમાં ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-1 અને વર્ગ-2ની 31 ડિસેમ્બર 2025ની સ્થિતિએ બંને વર્ગની કુલ 913 જગ્યાઓ ખાલી હોવાની માહિતી સરકાર દ્વારા વિધાનસભામાં રજુ કરવામાં આવી છે.

સરકાર દ્વારા રજુ કરેલી વિગતોમાં ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-1ની કુલ 146 મંજૂર જગ્યાઓ છે, જેમાંથી 92 જગ્યાઓ ભરાયેલી છે જ્યારે 54 જગ્યાઓ ખાલી છે. જ્યારે ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-2ની કુલ 1807 મંજૂર જગ્યાઓમાંથી 948 જગ્યાઓ ભરાયેલી છે અને 859 જગ્યાઓ ખાલી છે.

વયનિવૃતિ, સ્વૈચ્છિક નિવૃતિ અને બઢતી જેવા કારણોસર આ જગ્યાઓ ખાલી રહી છે. આ ખાલી જગ્યાઓ સીધી ભરતી તેમજ બઢતી દ્વારા ભરવાની હોવાથી નિયમો મુજબની પ્રક્રિયા હાથ ધરીને શક્ય તેટલી વહેલી તકે ભરતી કરવામાં આવશે.

# 2033 સુધીમાં નવા ૨ લાખ કર્મચારીની ભરતી કરાશે

**ભરતી** અને કર્મયોગીઓ માટે સ્વાસ્થ્ય કવચ માટે બજેટમાં રૂ. ૫૦૦ કરોડનો વધારો કરવામાં આવ્યો

ગાંધીનગર : રાજ્યના સામાન્ય વહીવટ વિભાગની રૂ. ૨૦૫૧.૨૭ કરોડની અંદાજપત્રીય માગણીઓ વિધાનસભા ગૃહમાં પસાર થઈ છે. ચર્ચા દરમિયાન મંત્રી ઈશ્વરસિંહ પટેલએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર 'સુશાસન, સેવા, સંકલ્પ અને સમર્પણ'ના મંત્ર સાથે છેવાડાના નાગરિક સુધી વિકાસ પહોંચાડવા પ્રતિબદ્ધ છે. રાજ્યના વિકેન્દ્રિત વિકાસને વેગ આપવા જિલ્લા આયોજનના બજેટમાં અંદાજિત રૂ. ૫૦૦ કરોડનો વધારો કરીને કુલ રૂ. ૨૧૦૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સાથે જ ધારાસભ્ય વિસ્તાર વિકાસ ગ્રાંટ રૂ. ૧.૫ કરોડથી વધારીને રૂ. ૨.૫ કરોડ કરવામાં આવી છે, જેમાં જળસંચયનાં કામો માટે ઓછામાં ઓછા રૂ. ૫૦ લાખ ખર્ચ ફરજિયાત બનાવાયો છે. રોજગારી ક્ષેત્રે મોટો નિર્ણય લેતાં રાજ્ય સરકારે ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર જાહેર કર્યું છે, જેમાં ૨૦૨૪થી ૨૦૩૩ દરમિયાન ૨ લાખથી વધુ સરકારી જગ્યાઓ ભરવાનું આયોજન છે. યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષામાં આગળ વધારવા માટે SPIPA મારફતે તાલીમને વેગ આપવામાં આવ્યો છે, જેના પરિણામે UPSCમાં નોંધપાત્ર સફળતા મળી રહી છે.પટેલે કહ્યું હતું કે કર્મચારીઓના કલ્યાણ માટે 'ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના' શરૂ કરવામાં આવી છે, જેમાં ૬.૫ લાખ કર્મયોગીઓને રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ તબીબી સારવારનો લાભ મળશે. સાથે જ વહીવટી પ્રક્રિયાઓને વધુ પારદર્શક અને આધુનિક બનાવવા 'ગુજરાત વહીવટી સુધારણા પંચ'ની રચના કરીને અનેક સુધારા અમલમાં મૂકવામાં આવી રહ્યા છે.

# પશ્ચિમ બંગાળમાં ભાજપ અને મમતા બેનર્જી વચ્ચે કાંટાની ટક્કર છે

ભારતનાં મોટા ભાગનાં રાજ્યોમાં સ્થાનિક પક્ષો સાથે મળીને અથવા તેની સામે લડીને પોતાની સરકાર બનાવવામાં ભાજપને સફળતા મળી છે પણ પશ્ચિમ બંગાળ ભાજપની સોનાની થાળીમાં લોઢાની મેખ સમાન છે. ભારતને સ્વતંત્રતા મળી ત્યારથી આજ દિન સુધીમાં ભાજપને પશ્ચિમ બંગાળમાં સરકાર બનાવવામાં સફળતા મળી નથી. પ્રારંભનાં વર્ષોમાં પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસનું રાજ હતું. ત્યાર બાદ ડાબેરી પક્ષોનું લાંબું શાસન આવ્યું. મમતા બેનર્જીએ પશ્ચિમ બંગાળમાં ૩૪ વર્ષ લાંબા ડાબેરી શાસનને સત્તા પરથી ઉથલાવી દીધું હતું. ૨૦૧૧ માં જ્યારે તેમણે પહેલી વાર મુખ્યમંત્રીપદ સંભાળ્યું, ત્યારે તેમના વિરોધીઓ જ નહીં પરંતુ કેટલાક રાજકીય વિશ્લેષકોએ પણ તેમની શાસન કરવાની ક્ષમતા અંગે શંકા વ્યક્ત કરી હતી. છેલ્લાં પંદર વર્ષોમાં આ શંકાઓ અને પ્રશ્નોના જવાબ બંગાળના રાજકારણ દ્વારા જ મળ્યા છે. મમતા બેનર્જી સતત ત્રણ વાર મુખ્યમંત્રી તરીકે ચૂંટાયાં હતાં. હવે પશ્ચિમ બંગાળ ફરી એક વાર વિધાનસભા ચૂંટણીના ઉંબરે છે, તેથી તેઓ તૃણમૂલ કોંગ્રેસના ચહેરા તરીકે ચોથી વખત ચૂંટણી મેદાનમાં ઊતર્યાં છે.

આવી સ્થિતિમાં જો મમતા તેમના પક્ષને ફરીથી વિજય તરફ દોરી જાય છે, તો તેઓ સતત ચાર વખત વિધાનસભા ચૂંટણી જીતીને ઇતિહાસ રચનારાં પશ્ચિમ બંગાળનાં પ્રથમ મુખ્યમંત્રી બની શકે છે. મમતા બેનર્જીને ચોથી વખત પશ્ચિમ બંગાળનાં મુખ્ય મંત્રી બનતાં રોકવા માટે ભાજપે પોતાની તમામ તાકાત લગાવી દીધી છે. ભાજપને બરાબર ખબર છે કે મમતા બેનર્જીની મુખ્ય મતબેન્ક મુસ્લિમો છે, માટે ભાજપ તમામ ઉપાયો વડે તેનો મુકાબલો કરવા ઝઝૂમી રહ્યું છે. મુસ્લિમો ઉપરાંત દલિતો, આદિવાસીઓ અને કેટલાક સવર્ણ હિન્દુઓ પણ મમતા બેનર્જીની પડખે છે. ભાજપના પ્રયાસો આ મતબેન્કને પણ તોડવાના છે. આ ચૂંટણી મમતા બેનર્જી માટે અત્યાર સુધીની સૌથી મુશ્કેલ કસોટી સાબિત થઈ શકે છે. આવી સ્થિતિમાં, પ્રશ્ન એ ઊભો થાય છે કે આ ચૂંટણીમાં તેમની સામે ક્યા રાજકીય પડકારો છે અને શું તેઓ તેનો સામનો કરી શકશે?

મમતા બેનર્જી માટે ૨૦૧૧ ની ચૂંટણી ડાબેરી શાસનને દૂર કરવા માટેની ચૂંટણી હતી, જ્યારે ૨૦૨૬ ની ચૂંટણી પશ્ચિમ બંગાળને ભારતીય જનતા પાર્ટીથી બચાવવાની લડાઈ છે. ૨૦૨૧માં પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી આઠ તબક્કામાં યોજાઈ હતી, પરંતુ આ વખતે ચૂંટણી પંચે કહ્યું છે કે ચૂંટણી ફક્ત બે તબક્કામાં જ યોજાશે. રાજ્યમાં મતદાન ૨૩ એપ્રિલ અને ૨૯ એપ્રિલના રોજ થશે અને પરિણામો ૪ મેના રોજ જાહેર કરવામાં આવશે. મમતા બેનર્જી સામે સૌથી મોટો પડકાર એન્ટી-ઈન્કમ્બન્સી એટલે કે સરકાર વિરોધી લહેર છે. મમતા રાજ્યમાં સતત ચોથી વખત સરકાર બનાવવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ તેમની પાસે કાયદો અને વ્યવસ્થા, બેરોજગારી અને વિકાસને લગતા પ્રશ્નો છે, જેના જવાબ તેમણે આપવા પડશે. બીજો પડકાર SIR છે. આનાથી મમતા બેનર્જી પર નકારાત્મક અને સકારાત્મક બંને પ્રકારની અસર પડી શકે છે. મમતાએ તેની સામે શેરીઓથી લઈને સંસદ અને સુપ્રીમ કોર્ટ સુધી લડત આપી છે, જે તેમની એક મજબૂત નેતા તરીકેની છબી બનાવે છે અને તેમના સમર્થકોને એકતાનો સંદેશ પણ આપે છે.

આઝાદી પછી આ પહેલી વાર છે, જ્યારે પશ્ચિમ બંગાળમાં કુલ મતદારોની સંખ્યામાં પાછલી ચૂંટણીઓની તુલનામાં ઘટાડો થયો છે. SIR ને પગલે રાજ્યમાં આશરે ૬૩.૬૬ લાખ મતદારોનાં નામ અંતિમ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યાં છે, જ્યારે આશરે ૬૦.૬૦ લાખ મતદારોનાં નામ હજુ પણ ચકાસણી હેઠળ છે. જેમનાં નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યાં છે અથવા નિર્ણયની રાહ જોઈ રહેલાની યાદીમાં છે, તેમને હજુ પણ ચૂંટણી સમીક્ષા પ્રક્રિયા દ્વારા તેમનાં નામ ફરીથી સમાવવાની તક છે. ૨૦૨૧ની ચૂંટણીમાં રાજ્યમાં ૭.૩૪ કરોડ નોંધાયેલાં મતદારો હતાં અને કોવિડ યુગ દરમિયાન પણ ૮૨.૩ ટકાનું વિક્રમજનક મતદાન થયું હતું.

પાછલાં વર્ષોમાં તૃણમૂલ કોંગ્રેસ સામે ભ્રષ્ટાચારના વિવિધ આરોપો પણ મમતા બેનર્જી માટે એક મોટો પડકાર સાબિત થઈ શકે છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી દરમિયાન પણ પીડીએસ કૌભાંડ, પશુ તસ્કરી કૌભાંડ, શિક્ષક ભરતી કૌભાંડ, મંત્રીઓ અને અમલદારોની ધરપકડ વગેરે જેવા મુદ્દાઓ તૃણમૂલ કોંગ્રેસ સામે ગૂંજ્યા હતા. વિધાનસભા ચૂંટણીમાં શહેરી વિસ્તારોમાં આ મુદ્દા પર મતદાન થઈ શકે છે.

ખાસ કરીને કોલકાતા અને તેની આસપાસના શહેરી વિસ્તારોમાં મમતા સામે ગુસ્સો વધ્યો છે, તેથી તેને નિયંત્રિત કરવો એક પડકાર હશે. મમતા બેનર્જીએ એમ પણ કહ્યું હતું કે તેઓ SIR ને કારણે મતદાર યાદીમાંથી કોઈનું નામ કાઢી નાખવા દેશે નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે તેઓ રાજ્યમાં વક્ફ એક્ટ લાગુ થવા દેશે નહીં, પરંતુ તેઓ આ બંને વચનો પૂરાં કરવામાં નિષ્ફળ ગયાં છે. આ બંને બાબતો અંગે લોકોના એક વર્ગમાં નારાજગી હોઈ શકે છે.

હકીકતમાં, વક્ફ સુધારા બિલનો પશ્ચિમ બંગાળમાં વ્યાપક વિરોધ થયો હતો. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પોતે કહ્યું હતું કે તેને કોઈ પણ સંજોગોમાં રાજ્યમાં લાગુ કરવામાં આવશે નહીં. આ કાયદાના વિરોધમાં મુર્શિદાબાદ જિલ્લામાં મોટા પાયે સાંપ્રદાયિક હિંસા થઈ હતી, પરંતુ રાજ્યમાં ચાલી રહેલા સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) ના ઘોંઘાટ વચ્ચે મમતા બેનર્જી સરકારે ગુપ્ત રીતે આ કાયદો લાગુ કરવાનો નિર્ણય લીધો હતો. પશ્ચિમ બંગાળમાં સાંપ્રદાયિક મુદ્દાઓ પર મતદાન વધશે, જેનાં પરિણામો મમતા બેનર્જીને ભોગવવાં પડી શકે છે. મમતા બેનર્જી પણ સારી રીતે સમજે છે કે આ ચૂંટણી તેમના માટે સરળ નહીં હોય. મમતા બેનર્જી દ્વારા ચૂંટણીની તારીખોની જાહેરાત પહેલાં વિવિધ તબક્કાનાં મતદારોને રીઝવવા માટે ઘણી જાહેરાતો કરવામાં આવી છે, જેમ કે મહિલા મતદારોને આકર્ષવા અને તેમને એકીકૃત કરવા માટે લક્ષ્મી ભંડાર જેવી યોજનાઓ માટે ભંડોળ વધારવું, બેરોજગાર યુવાનો માટે બાંગ્લાર યુવા સાથી યોજના હેઠળ દર મહિને ૧,૫૦૦ રૂપિયાની નાણાંકીય સહાય પૂરી પાડવી, રાજ્યના કર્મચારીઓ અને પેન્શનરોને મોંઘવારી ભથ્થું ચૂકવવાનો નિર્ણય લેવો, પૂજારીઓ અને મુએઝીનોના માનદ્ વેતનમાં વધારો કરવો વગેરે વગેરે. આ તુષ્ટિકરણનાં પગલાંઓ દર્શાવે છે કે મમતા બેનર્જી આ વખતની સ્પર્ધાને સરળ માનતાં નથી અને તેઓ લોકોનો ગુસ્સો દૂર કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરી રહ્યાં છે.

હકીકતમાં, આર્થિક રીતે નબળી મહિલાઓને મદદ કરતી લક્ષ્મી ભંડાર યોજના ચૂંટણી પહેલાં જ વધારવામાં આવી હતી. આ યોજના હેઠળ SC/ST શ્રેણીની મહિલાઓને દર મહિને ૧,૨૦૦ રૂપિયા અને સામાન્ય શ્રેણીની મહિલાઓને દર મહિને ૧,૦૦૦ રૂપિયા આપવામાં આવતા હતા. હવે આ રકમમાં ૫૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. બાંગ્લાર યુવા સાથી યોજના હેઠળ, રાજ્યના બેરોજગાર યુવાનોને નોકરી મળે ત્યાં સુધી દર મહિને ૧૫૦૦ રૂપિયાની નાણાંકીય સહાય આપવાની જોગવાઈ કરવામાં આવી છે. આ સહાય ૨૧ થી ૪૦ વર્ષની વયનાં એવાં યુવાનો માટે છે, જેમણે ઓછામાં ઓછું ૧૦મું ધોરણ પાસ કર્યું છે અને હાલમાં રોજગાર શોધી રહ્યાં છે. ચૂંટણી પહેલાં રાજ્ય સરકારે કર્મચારીઓ અને પેન્શનરોને મોંઘવારી ભથ્થું ચૂકવવાનો પણ નિર્ણય લીધો હતો. આ અંતર્ગત, લગભગ નવ લાખ કર્મચારીઓ અને પેન્શનરોને લગભગ ૧૦,૦૦૦ કરોડ રૂપિયાના ડીએ એરિયર્સ ચૂકવવાની જાહેરાત કરવામાં આવી હતી. ચૂંટણી પહેલાં કરવામાં આવેલી જાહેરાતોને જનતા શંકાની નજરે જુએ છે. તેમ છતાં પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીનો કોઈ વિકલ્પ નથી. કોઈ પણ પક્ષના નેતાનો કરિશ્મા મમતા બેનર્જીના કરિશ્માની તુલનામાં ફિક્કો પડી જાય છે, તેથી મમતાનો પક્ષ હજુ પણ અન્ય પક્ષો કરતાં સારી સ્થિતિમાં છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**જો મમતા બેનર્જી તેમના પક્ષને ફરીથી વિજય તરફ દોરી જાય છે, તો તેઓ સતત ચાર વખત વિધાનસભા ચૂંટણી જીતીને ઇતિહાસ રચનારાં પશ્ચિમ બંગાળનાં પ્રથમ મુખ્યમંત્રી બની શકે છે**

## BUSINESS મિત્ર

**સેન્સેક્સ 76,000ને પાર, રોકાણકારોની સંપત્તિમાં 2.8 લાખ કરોડનો ઉછાળો**

# શેરબજારમાં સતત બીજા દિવસે તેજી

**શેરબજારની** તેજીમાં મિડકેપ શેરોએ આગેવાની લીધી: સ્મોલકેપ શેરો પણ સુધર્યા

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 17:** ભારતીય શેરબજારમાં સતત બીજા દિવસે લેવાલી રહી હતી અને સુધારા સાથે પોઝિટિવ બંધ રહ્યા હતા. જોકે, આજે દિવસ દરમ્યાન શેરબજારમાં ભારે અસ્થિરતા રહી હતી. આજે વીકલી એક્સપાયરીના કારણે વેચાણો કપાતા શેરબજારમાં રીકવરી આગળ વધી હતી. જોકે, નિષ્ણાતો માની રહ્યા છે કે, જો ઈરાન-ઈઝરાયેલ-યુએસ યુદ્ધ લાંબુ ચાલશે અને ક્રુડના ભાવ 100 ડોલરની ઉપર બોલતું રહેશે, તો શેરબજાર નીચે તરફ રહેશે અને નિફ્ટી 21000 પોઈન્ટ સુધી ઘટી શકે છે.

ગઈકાલે બ્રોડર માર્કેટનું અંડર પર્ફોમન્સ રહ્યું હતું, પરંતુ આજે શેરબજારની રેલીમાં બ્રોડર માર્કેટનું નેતૃત્વ રહ્યું હતું. મિડકેપ શેરોમાં એક ટકાનો ઉછાળો જોવાયો હતો. સેકટર વાઈઝ જોઈએ તો મેટલ, રિયલ્ટી અને કેપિટલ ગુડ્ઝ શેરોમાં મોટો ઉછાળો આવ્યો હતો. જ્યારે આઈટી અને એફએમસીજી શેરોમાં નરમાઈ રહી હતી. જેના લીધે રોકાણકારોએ રૂ. 2.8 લાખ કરોડની કમાણી કરી હતી. બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. 433.35 લાખ કરોડ પર પહોંચી ગયું હતું.

બીએસઈ સેન્સેક્સ 567.99 પોઈન્ટ એટલે કે 0.75 ટકા સુધરીને 76000 પોઈન્ટની સપાટી કુદાવીને 76,070.84 પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 76304 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 75324 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. આમ, સેન્સેક્સમાં 1000 પોઈન્ટની વધઘટ જોવા મળી હતી. નિફ્ટીએ ઈન્ટ્રાડેમાં 23650 પોઈન્ટની સપાટી કુદાવી હતી, પણ ટકી શકી નહતી. જે છેલ્લે 172.35 પોઈન્ટ એટલે કે 0.74 ટકા વધીને 23581.15 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23656 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23346 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 462.60 પોઈન્ટ એટલે કે 0.85 પોઈન્ટ ઉછળીને 54876 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે ટીબીઓ ટેકમાં 51.94 ગણા, એઆઈએ એન્જીનીયરીંગમાં 9.85 ગણા, જ્યોતિ સીએનસીમાં 9.27 ગણા, ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝમાં 8.91 ગણા, ઈપ્કા લેબમાં 3.37 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે જ્યોતિ સીએનસીમાં 27.7 ગણા, એઆઈએ એન્જીનીયરીંગમાં 15.07 ગણા, એજીસ લોજીસ્ટીકમાં 8.62 ગણા, કલ્પતરૂ પ્રોજેક્ટસમાં 7.46 ગણા અને વધર્માન ટેક્સટાઈલ્સમાં 7.14 ગણા કામકાજ નોંધાયા છે.

લાર્જકેપ શેરોની સરખામણીએ બ્રોડર માર્કેટનું સારૂં પ્રદર્શન રહ્યું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 1.08 ટકા વધ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 0.43 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યો હતો. બીએસઈ ખાતે 2357 શેરો વધ્યા હતા, જ્યારે 1899 શેરો ઘટ્યા હતા અને 155 શેરો યથાવત રહ્યા હતા.

આજે મેટલ શેરોમાં ઝડપી રીકવરી જોવા મળી હતી. નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 2.82 ટકા વધ્યો હતો. જેમાં લોઈડસ મેટલ્સ, નેલ્કો, સેઈલ, ટાટા સ્ટીલ, એપીએલ અપોલો ટયુબ્સ, હિન્દુસ્તાન કોપર, જિન્દાલ સ્ટેનલેસ, હિન્દુસ્તાન ઝીંક, જિંદાલ સ્ટીલ અને વેલસ્પન કોર્પ વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે મીડલ ઈસ્ટના તણાવની અસર ચાલુ છે અને સપ્લાયની ચિંતાના કારણે ક્રુડના ભાવ 100 ડોલરની ઉપર ચાલી રહ્યા છે, જેને પચાવીને યુરોપિયન બજારો રીકવર થયા હતા. આ દરમ્યાન રોકાણકારોની નજર ફેડરલ રિઝર્વની બે દિવસીય બેઠક ઉપર છે, ટ્રમ્પ દ્વારા વ્યાજદર ઘટાડાનું દબાણ છે, પણ ફેડરલ રિઝર્વના નિર્ણય પર મીટ મંડરાયેલી છે. બીજી તરફ, એનવીડિયાએ તેની મુખ્ય ચીપ્સ અને આ ક્ષેત્રના કાર ઉત્પાદકો સાથેની ભાગીદારી માટે મજબૂત આવકની આગાહીની જાહેરાત કરતા ઓટો અને ટેકનો શેરોમાં સુધારો થયો હતો. જેના લીધે એશિયન બજારો મિશ્ર રહ્યા હતા.

### રૂપિયામાં સુધારો આગળ વધ્યો

કરન્સી બજારમાં રૂપિયો સતત બીજા દિવસે ધીમો સુધારો જોવાયો હતો. આજે પણ કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો વધઘટ સાથે 6 પૈસા સુધરીને 92.37ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 92.43ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 106.17, પાઉન્ડ 123.16, કેનેડિયન ડોલર 67.42, ઓસ્ટ્રેલિયન ડોલર 65.58, જાપાનીઝ યેન 5809 અને સીંગાપોર ડોલર 72.16ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 92.37 રૂ. |
| યુરો | 106.17 રૂ. |
| પાઉન્ડ | 123.16 રૂ. |
| યેન | 0.5809 રૂ. |

| | | |
|---|---|---|
| **સેન્સેક્સ** | 567.99 | 76070.84 |
| **નિફ્ટી** | 1722.35 | 23581.15 |
| **બેન્ક નિફ્ટી** | 462.60 | 54876.00 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 5.67 | 234.63 |
| ટાટા સ્ટીલ | 4.54 | 195.43 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 3.06 | 3128.90 |
| HDFC લાઇફ | 2.60 | 642.30 |
| બીઇએલ | 2.29 | 439.35 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| વિપ્રો | 1.94 | 191.32 |
| સીપલા | 1.39 | 1281.90 |
| ઇન્ફોસીસ | 1.35 | 1232.90 |
| ટાટા કન્ઝ્યુમર | 1.35 | 1078.00 |
| આઇટીસી | 1.10 | 304.85 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 5.70 | 234.70 |
| ટાટા સ્ટીલ | 4.41 | 195.40 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 3.12 | 3130.50 |
| બીઇએલ | 2.39 | 439.65 |
| લાર્સન-ટુબ્રો | 2.29 | 3543.10 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 1.37 | 1232.50 |
| બજાજ ફાઇનાન્સ | 1.17 | 868.60 |
| આઇટીસી | 1.05 | 304.95 |
| ટીસીએસ | 0.69 | 2391.75 |
| અદાણી પોર્ટસ | 0.65 | 1363.50 |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | રૂ. | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | 